# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-11-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી ગુજરાત મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતેથી 9,700 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું.

મહાન આદિવાસી નેતા અને સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાની 150મી જન્મજયંતિની યાદમાં આદિવાસી ગૌરવ દિવસ નિમિત્તે માળખાગત સુવિધાઓ, આરોગ્ય અને શિક્ષણને લગતા આ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે.

બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણીના કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આ પ્રસંગે આપણે "સૌનો સાથ, સૌનો વિકાસ" ના મંત્રને મજબૂત બનાવવાનો સંકલ્પ લેવો જોઈએ.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છમાં નવી રેલવે લાઈન મંજુર:

પશ્ચિમ રેલવેના ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લામાં બે મહત્વપૂર્ણ નવી રેલવે લાઇન દેશલપર-હાજીપીર-લૂના અને વાયોર-લખપત નવી બ્રોડગેજ રેલવે લાઇન પરિયોજનાઓને કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને ભુજ-નલિયા રેલવે લાઇનનું વાયોર સુધી વિસ્તરણ અને નલિયા-જખાઉ પોર્ટ નવી રેલવે લાઇન લગભગ 194 કિ.મી. 3,375 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. સરહદી અને તટીય વિસ્તારોમાં રેલવે સંપર્કને મજબૂત બનાવવા, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા અને રણનીતિની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સશક્ત કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

કચ્છમાં ઉપલબ્ધ બેન્ટોનાઈટ માટી પણ તેની ઉત્કૃષ્ઠ ગુણવત્તા માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. તેનું ખનન મુખ્યત્વે અબડાસા, માંડવી અને લખપત તાલુકાઓમાં કરવામાં આવે છે.

ઔદ્યોગિક ઉત્પાદનની સાથે, કચ્છ પ્રદેશ રેલવેના સંદર્ભમાં પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પશ્ચિમ રેલવે હેઠળનો આ વિસ્તાર સૌથી વધુ માલસામાન લોડિંગ ઉપલબ્ધ કરાવતો વિસ્તાર છે.

નવી રેલ્વે લાઇનોના નિર્માણ અને અપગ્રેડેશનથી સંરક્ષણ દળોની તૈનાતી, લશ્કરી સામગ્રીના પરિવહન અને કટોકટીની ઝડપી પ્રતિક્રિયા માટેની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. આનાથી દેશની વ્યૂહાત્મક શક્તિ અને સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનશે.

આ પરિયોજનાઓ દ્વારા ફક્ત ઔદ્યોગિક અને ખનિજ સંપન્ન વિસ્તારોને દેશના રેલવે નેટવર્ક સાથે જોડવામાં આવશે એટલું જ નહીં, પરંતુ સ્થાનિક જનસુવિધા અને રાષ્ટ્રીય સુરક્ષા બંનેને મજબૂત આધાર પણ મળશે.

---

## કચ્છ સંકલન સહ ફરિયાદ સમિતિ બેઠક:

ભુજ ખાતે કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્યો અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રજાહિતના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા કચ્છ કલેક્ટરે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ રોડ રસ્તાઓનું સમારાકામ, ખેતી સહાય, પેયજળ વિતરણ અને આરોગ્ય અંગેના પ્રશ્નોની રજૂઆત કરી હતી. જ્યારે અબડાસા ધારાસભ્યે પાર્કિંગ, ટ્રાફિક સમસ્યા, વોટરશેડ, કેનાલ રિપેરીંગ સહિતના પ્રશ્નોની રજુઆત કરી હતી. આ બેઠકમાં પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## મતદાર ખાસ સઘન સુધારણા કાર્યક્રમ:

ભારતના ચૂંટણીપંચના આદેશ મુજબ કચ્છ જિલ્લાના છ વિધાનસભા મતવિસ્તારોમાં તા. 1 જાન્યુઆરી-2026ની લાયકાતની તારીખના સંદર્ભમાં ‘ખાસ સઘન સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલો છે. આ કાર્યક્રમ અંતર્ગત ખાસ ઝુંબેશના પ્રથમ દિવસે ગઈકાલે મતદારો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

સમગ્ર રાજ્ય સાથે કચ્છ જિલ્લાના તમામ મતદાન મથકો પર બુથ લેવલ ઓફિસરો અને બુથ લેવલ સુપરવાઇઝરો હાજર રહ્યા હતા. કચ્છના મતદારોએ આ કેમ્પનો વિપુલ પ્રમાણમાં લાભ લીધો હતો.

કાર્યક્રમના મોનિટરિંગ અને નિરીક્ષણ માટે ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા ભુજ શહેરના મતદાન મથકોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

આ પ્રકારના ખાસ ઝુંબેશ કેમ્પ આજે તા. 16 નવેમ્બરના રોજ, તેમજ તા. 22 નવેમ્બર અને તા. 23 નવેમ્બરના રોજ પણ યોજાનાર છે. તમામ મતદારોને પોતાનું ફોર્મ ભરીને BLOને પરત આપી દેવા માટે અપીલ કરવામાં આવી છે.

---

## કચ્છને ઉત્તમ બ્રેલ ગ્રંથાલય/ગ્રંથપાલ એવોર્ડ:

ગુજરાત સરકારના રમ્મત ગમ્મત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ દ્વારા જાહેર કરાયેલ સ્વર્ગસ્થ મોતીભાઈ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક વર્ષ 2024-25માં અંધજન ગ્રંથાલય કેટેગરી માટે કચ્છની પસંદગી થઈ છે. કચ્છના માધાપર ખાતે આવેલ નવચેતન અંધજન મંડળ દ્વારા સંચાલિત જ્ઞાનજ્યોત બ્રેઈલ લાયબ્રેરીને રાજ્ય કક્ષાએ ઉત્તમ ગ્રંથાલય અને તેમના ગ્રંથપાલ ભાવના ચાવડાને ઉત્તમ ગ્રંથપાલ તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે.આ પુસ્તકાલય દષ્ટિહીન વાંચકો માટે ઉત્તમ સેવાઓ પુરી પાડે છે અને આ પુરસ્કાર દ્વારા તેઓને સેવાકાર્યોને નવી પ્રેરણા પુરી પાડશે.

---

## હવામાન:

સમગ્ર રાજ્ય સાથે કચ્છમાં સામાન્ય કરતા નીચુ તાપમાન નોંધાયુ છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ ડીસેમ્બર મહીનાથી ઠડી તીવ્ર બનશે. ગઈકાલે પણ કચ્છમાં બેવડી રૂતુ અનુભવાઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડક તથા બપોરે સામાન્ય ગરમીનું વાતાવરણ રહ્યુ હતું.

---